*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 59

## હાઇડ્રોક્સિક્લોરોક્વિન




- ચર્ચામાં શા માટે ?
- હાઇડ્રોક્સિક્લોરોક્વિન દવા વિશે
- ભારતમાં HCQ દવાના ઉત્પાદન વિશે :
- COVID-19 અને HCQ વિશે :-


**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)



કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE



**અમારી સાથે જોડાયેલા રહો :**

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં ભારત સરકારે હાઈડ્રોક્સિક્લોરોક્વિન (Hydroxychloroquine-HCQ) નામની દવાની નિકાસ પર લગાવેલ પ્રતિબંધ હટાવી લીધો છે. તથા આ દવાની નિકાસ કરવા મંજૂરી આપી છે.

## હાઈડ્રોક્સિક્લોરોક્વિન દવા વિશે

- હાઈડ્રોક્સિક્લોરોક્વિન (HCQ) દવા એ મેલેરિયાના ઉપચાર માટે ઉપયોગમાં લેવામાં આવતી દવા છે.
- તે ઘણાં વર્ષોથી ઉપયોગમાં લેવાતી અસરકારક અને સસ્તી દવા છે. તેને એન્ટિમેલેરિયા ડ્રગ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- રુમેટાઈડ આર્થરાઈટિસ (Rheumatioid Arthritis) અને લૂપસ (Lupus) જેવી અન્ય બિમારીઓના કિસ્સામાં ડોકટરની સલાહ મુજબ આ દવાનો ઉપયોગ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં HCQ દવાના ઉત્પાદન વિશે :

- દવા ક્ષેત્રની એક શોધ સંસ્થાના જણાવ્યા અનુસાર ફેબ્રુઆરી 2020થી 12 મહિના પહેલા હાઈડ્રોક્સિક્લોરોક્વિન (HCQ) દવાનો વેપાર માત્ર 152.8 કરોડ રૂપિયા હતો.
- ભારતીય બજારમાં ઉપલબ્ધ લગભગ 82 ટકા હાઈડ્રોક્સિક્લોરોક્વિનનું ઉત્પાદન મુંબઈ સ્થિત ઈપ્કા લેબોરેટરીઝ (IPCA Laboratories) દ્વારા કરવામાં આવે છે.
- કંપનીના મેનેજર - નિર્દેશકના જણાવ્યા અનુસાર, સરકારની આવશ્યક સપ્લાય માટે કંપનીના દવા ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે.

- સાથે જ આ દવાનો દુરુપયોગ અને સંગ્રહખોરી રોકવા માટે હાલમાં દેશના પસંદ કરેલા કેન્દ્ર પર જ ઉપલબ્ધ કરવામાં આવશે.
- COVID-19 ના ઉપચારમાં આ દવા ઉપયોગમાં આવતી હોવાથી અમેરિકા સહિત વિશ્વના અન્ય દેશોમાં આ દવાની માંગ વધી હતી. ભારત સરકારે આ દવા પર લગાવેલ પ્રતિબંધ 7 એપ્રિલ, 2020ના રોજ હટાવી લીધો છે અને આ દવાની નિકાસ માટે મંજૂરી આપી છે.

## COVID-19 અને HCQ વિશે :-

- ભારતમાં થોડા સમય પહેલા IMCR (Indian Council of Medical Reserch) દ્વારા આ દવાનો ઉપયોગ COVID-19 (કોરોના વાયરસ) સામે લડવા માટે ઉપયોગમાં લેવાનું સૂચન કરવામાં આવ્યું હતું.
- ઘણાં કિસ્સામાં દવાની અસરકારકતા જોવા મળી છે જેને પગલે સમગ્ર વિશ્વમાં તેની માંગ વધી છે.
- વિશ્વની કોઈપણ આરોગ્ય સંસ્થા દ્વારા હાઈડ્રોક્સિક્લોરોક્વિનને COVID-19ની સારવાર માટે પ્રમાણિત કરાઈ નથી.
- માર્ચ 2020માં 'ઈન્ટરનેશનલ જર્નલ ઓફ એન્ટિમાઈક્રોબિયલ એજન્ટ'માં પ્રકાશિત એક ફ્રેન્સ વૈજ્ઞાનિકની શોધ અનુસાર, COVID-19 ચેપગ્રસ્ત 20 દર્દીઓમાં હાઈડ્રોક્સિક્લોરોક્વિનનો પ્રયોગ કર્યો હતો જે અન્ય દર્દીઓની સરખામણીમાં સારું પરિણામ જોવા મળ્યું હતું.
- આ દવાનો ઉપયોગ ખરેખર COVID-19ની સારવાર માટે સાબિત થઈ શકે છે કે નહીં તે અંગે સમગ્ર વિશ્વના દવા ઉદ્યોગો અને વૈજ્ઞાનિકોમાં ચર્ચા ચાલી રહી છે.
- નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આ દવાની આડઅસરો પણ છે. જેમ કે, ચક્કર આવવા, ભૂખ ન લાગવી, ઊલટી થવી, માથું દુખવું, વજન ઘટવું, વગેરે જેવી આડઅસરો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT